મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# જવાહર નવોદય વિદ્યાલય બાલાસિનોર ખાતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP-2020)ના ૩ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરાયું

મહિસાગર, મહિસાગર જીલ્લાના જવાહર નવોદય વિદ્યાલય બાલાસિનોર ખાતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP-2020)ના ૩ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રિન્ટ અને ઈલેટ્રોનિક મીડિયાના તમામ પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

પ્રેસ કોન્ફરન્સમાં જવાહર નવોદય વિદ્યાલય મહીસાગરના પ્રાચાર્ય મહેન્દ્ર બડસીવાલ દ્વારા ૨૦૨૦માં લાગુ કરવામાં આવેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વિશે સંક્ષિપ્ત માં માહિતી આપેલ. બાળકોને ગુણવતા સભર શિક્ષણ મળી રહે તેમજ દેશ અને વિશ્વમાં તેમની કુશળતા થકી પ્રગતિ સાધી શકે તે માટે નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ ઘડવામાં આવેલ છે. પ્રાચાર્યના જણાવ્યા મુજબ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અતર્ગત ભારતની લગભગ ૧૪૫૦૦ સ્કૂલોને PM SHRI SCHOOLમાં સામેલ કરવામાં આવેલ છે. આ સાથે પ્રાચાર્ય દ્વારા NIPUN BHARAT, વિદ્યા પ્રવેશ, NDEAR, PM e-VIDYA, VIDYANJALI પોર્ટલ, ITEP, NCFFS, NPST, ULLAS વગેરે યોજનાઓ વિશે સંક્ષિપ્તમાં માહિતી પ્રદાન કરવામાં આવેલ. સાથે સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિના કારણે શિક્ષણમાં શો ફેરફાર થશે અને તેનો શિક્ષણ જગત પર શું પ્રભાવ થશે વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા.


વધુમાં પ્રાચાર્ય એ જણાવેલ કે આ શિક્ષા નીતિને યોજનાબંધ અને ચરણબંધ રીતે પુરા દેશમાં લાગુ કરવામાં આવી રહી છે. જેનો ઉદેશ્ય ભારતના યુવાનોનું સમાવેશી તથા સમાન ગુણવત્તાવાળું શિક્ષણ સુનિશ્ચિત કરવાનું છે.

નવી શિક્ષણ નીતિના ૩ વર્ષ પૂર્ણ થયાના ઉપલક્ષમાં વિદ્યાલય સંકુલમાં વૃક્ષારોપણનું પણ આયોજન કરવામાં આવેલ. પ્રેસ કોન્ફરન્સમાં ઉપસ્થિત તમામ પત્રકારો, વિદ્યાલયના પ્રાચાર્ય, શિક્ષકઓ તથા વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા આ વૃક્ષારોપણનો કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો. વધુમાં વિદ્યાલયના પ્રાચાર્ય દ્વારા જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા ૨૦૨૪ કે જે ૨૦.૦૧.૨૦૨૪ નારોજ સુનિશ્ચિત કરેલ છે અને આ પરીક્ષા માટે ઓનલાઈન આવેદન કરવાની અંતિમ તારીખ ૧૦.૦૮.૨૦૨૩ છે. તેની માહિતી જીલ્લાના હાલ ધોરણ-૫માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ સુધી પહોચે તે માટે તમામ પ્રિન્ટ અનેઈલેટ્રોનિક મીડિયાના માધ્યમથી રજૂઆત કરી હતી.

# લુણાવાડા નગરમાં જાહેર રસ્તા પર રખડતા પશુઓનો અડિંગો

- લુણાવાડામાં મુખ્ય માર્ગ પર વાહનોની અવર જવર વચ્ચે રખડતા પશુઓ બિન્દાસ રસ્તા પર પોતાનો અડિંગો જમાવી બેઠા છે. લુણાવડા નગરપાલિકા ગાંઢ નિંદ્રામાં હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે.
- લુણાવાડા નગરપાલિકા દ્વારા રસ્તા પર રખડતા પશુઓની વિકટ સમસ્યાને ધ્યાને લઈ આગળ કામગીરી કરશે કે પછી હોતી હે.. ચલતી હે..


લુણાવાડા, મહીસાગર જીલ્લાના લુણાવાડા નગરમાં લાંબા સમય થી લુણાવાડાના મુખ્ય માર્ગો પર રખડતા પશુઓ રસ્તા વચ્ચે પોતાની બેઠક બનવાઈ બેઠા છે. ત્યારે આ માર્ગો પરથી રોજિંદા અસંખ્ય વાહન ચાલકો, રાહદારીઓ, શાળાએ જતા બાળકો, હોસ્પિટલે જતા દર્દીઓ તેમજ ઈમરજન્સી વાહનોની અવર જવર રહેતી હોય છે. ત્યારે લુણાવાડા નગરમાં ઠેર ઠેર રખડતા પશુઓ જાહેર રસ્તા પર આવી ચડ્યા છે. જેના કારણે વાહચાલકોને સતત અકસ્માત થવાનો ભય સતાવી રહ્યો છે અને અગાવના સમયમાં રખડતા પશુઓના કારણે ગણીવાર અકસ્માતો સર્જાઈ ચુક્યા છે, તેમ છતાં લુણાવાડા નગરપાલિકાના બાબુઓ કોઈજ પ્રકારની કાર્યવાહી



કરવા તૈયાર નથી. આ રસ્તે થી પસાર થતા વાહચાલકોની સાથે સાથે લુણાવાડા નગરના તમામ મોટા અધિકારીઓને પણ રસ્તા પર આ મૂંગા પશુઓ દેખાઈ રહ્યા છે, તેમ છતાં તંત્ર મગનું નામ મરી પાડવા તૈયાર નથી. આજ દિન સુધી લુણાવાડા નગરપાલિકા દ્વારા રખડતા પશુઓને પકડવા માટે કોઈજ પગલાં લેવામાં આવ્યા નથી. આવનારા સમયમાં આ રસ્તા વચ્ચે રખડતા પશુઓના કારણે કોઈ મોટો અકસ્માત સર્જાય અને તેમાં કોઈ માનવીનો જીવ જાય તો નવાઈ નહીં. લુણાવાડા નગરનાવાસીઓનું કહેવું છે કે, આ રસ્તા પર રખડતા પશુઓ જોઈને લાગે છે કે લુણાવાડામાં નગરપાલિકા હશે? કે પછી કેમ? તે એક મોટો સવાલ ઉત્પન્ન થયો છે. જો લુણાવાડા નગરમાં નગરપાલિકા જીવિત અવસ્થામાં હોય, કામગીરી કરવામાં શક્ષમ હોય અને તે રખડતા પશુઓ પકડી કામગીરી કરવામાં આવે તો લુણાવાડા નગરની મોટામાં મોટી સમસ્યા દૂર થઈ શકે તેમ છે. લુણાવાડા નગરમાં રખડતા પશુઓ ઠેર ઠેર પોતાના અડ્ડાઓ જમાવી બેઠા છે અને તેના કારણે કોઈ ગંભીર અકસ્માત સર્જાઈ શકે તેમ છે. લુણાવાડા નગરના વાસીઓ નગરપાલિકા પાસે આશા લઈને ફરી રહ્યા છે કે, તંત્ર જાગશે અને આ રખડતા પશુઓની સમસ્યા દૂર કરશે, તેવી આશા લઈને ફરી રહ્યા છે. હવે આવનારા સમયમાં જ ખબર પડશે કે, નગરના વાસીઓની નગરપાલિકા સામેની આશાઓ સાર્થક થશે કે નગરજનોની આશાઓ પર નગરપાલિકા પાણી ફેરવી દેશે.?

# વન વિભાગની લુણાવાડા રેંજ દ્વારા જેથરીબોર ખાતે વળતર વનીકરણ યોજના કેમ્પા હેઠળ થયેલ કામગીરીની મુખ્ય વન સંરક્ષક વડોદરાએ લીધી મુલાકાત


મહિસાગર, પર્યાવરણની સમતુલાની જાળવણી અને વનોનું રક્ષણ તેમજ સંવર્ધન વિકાસ માટે જરૂરી છે. ત્યારે મુખ્ય વન સંરક્ષક વડોદરા વન વિભાગના માર્ગદર્શન હેઠળ મહીસાગર જીલ્લામાં આવેલ જંગલ વિસ્તારના બોડા ડુંગરો પર વનીકરણની કામગીરી અંતર્ગત વળતર વનીકરણ યોજના કેમ્પા હેઠળ જીલ્લા વન વિભાગની લુણાવાડા રેંજ દ્વારા જેથરીબોર ખાતે વર્ષ ૨૦૨૩-૨૪ માં ૫૦ હેક્ટર વિસ્તારમાં 3X3X3



વાવેતર અંતરે વિવિધ પ્રકારના ભુમિ ભેજ સંરક્ષણના કામો હાથ ધરવામાં આવ્યા છે. તેમા ૫૫, ૫૫૦ કણજ, ગરમાળો, કરમદા, સાગ, વાંસ અને બેડા જેવા રોપાઓનું વર્મી કમ્પોસ્ટ ખાતર સહિત જમીનના પોષક તત્વો સાથે વાવેતર કરવામાં આવ્યું છે.

જેની મુલાકાત મુખ્ય વન સંરક્ષક વડોદરાના ડૉ.અંસુમન શર્માએ લીધી હતી અને થયેલ કામગીરી સમીક્ષા કરી સંતોષ વ્યકત કર્યો હતો. આ મુલાકાત સમયે નાયબ વન સંરક્ષક નેવીલ ચૌધરી અને રેંજ ફોરેસ્ટ ઓફિસર વી એન હારેજા સહિત લુણાવાડા રેંજના વન કર્મીઓ ઉપસ્થિત રહયાં હતા.

# સંતરામપુર અને કડાણા તાલુકાના એજન્સી દ્વારા ભરતી થયેલ કોમ્પ્યુટર ઓપરેટરો સરકારના પરિપત્રના આધારે છુટા કરતાં કફોડી સ્થિતીમાં મુકાયા



સંતરામપુર, સંતરામપુર અને કડાણા તાલુકાના મામલતદાર કચેરીના ઈ-ધરા જનસેવા, પુરવઠા વિભાગ શાળામાં એજન્સી દ્વારા કોમ્પ્યુટર ઓપરેટરોની ભરતી કરાઈ હતી. તેવા ઓપરેટરોની સરકારના પરિપત્રથી છુટા કરવામાં આવતા ઓપરેટરો કફોડી સ્થિતીમાં મુકાયા કચેરીઓમાં ઓપરેટરો વગર કામગીરી ઉપર અસર જોવા મળી.

સંતરામપુર અને કડાણા તાલુકાની મામલતદાર કચેરીના વિવિધ વિભાગો જેવાં કે, ઈ-ધરા, જનસેવા કેન્દ્રો, પુરવઠા વિભાગમાં એજન્સી દ્વારા કોમ્પ્યુટર ઓપરેટરોની ભરતી કરાઈ હતી. ત્યારે સરકારના પરિપત્ર મુજબ સંતરામપુર તાલુકા અને કડાણા તાલુકા મામલતદાર દ્વારા કોમ્પ્યુટર ઓપરેટરોની છુટા કરી દેવામાં આવ્યા છે. મામલતદાર કચેરીની જનસેવા કેન્દ્ર, ઈ-ધરા અને પુરવઠા વિભાગ માંથી કોમ્પ્યુટર ઓપરેટરોને છુટા કરી દેવામાં આવતાં અરજદારોની કામગીરી અટકી પડી છે. છુટા કરાયેલ કોમ્પ્યુટરો ઓપરેટરો દ્વારા જણાવવામાં આવી રહ્યું છે કે, સરકારના પરિપત્રથી છુટા કરાયા છે. પરંતુ મહિસાગર જીલ્લામાં માત્ર સંતરામપુર અને કડાણા તાલુકા માંથી ૧૦ જેટલા ઓપરેટરો છુટા કરી દેવાતા કફોડી સ્થિતીમાં મુકાઈ ગયા છે.

# સંતરામપુરના શર્મી ખેડાપાથી અજગરનું રેસ્કયુ કરી જંગલમાં છોડાયો



સંતરામપુર, સંતરામપુર તાલુકાના શર્મી ખેડાપા ગામે ખેતરમાં અજગર આવી ચડતા ખેડુત દ્વારા એનિમલ હેલ્થ ચેરીટેબલ ટ્રસ્ટ અને વન વિભાગને જાણ કરાઈ હતી. વન વિભાગ એનિમલ હેલ્થ ટીમ ખેતરમાં દોડી આવ્યા હતા અને અજગરનું રેસકયુ કરી જંગલ વિસ્તારમાં છોડી મુકવામાં આવ્યો હતો.

# મહીસાગર જિલ્લા મુખ્ય મથક લુણાવાડા પાસે આવેલા દલુંખડીયા સ્ટેન્ડ પાસે અકસ્માતમાં બે ગાયના મોત

લુણાવાડા, કાર ચાલકો કેટલી વખત બેફામ રીતે ક્યાંક ગફલત રીતે કાર ચલાવી કોઈને પણ નુકશાન પહોંચાડી રહ્યા છે કાર એટલી ભયાનક સ્પીડમાં ભટકાવી છે કે બે ગાયને ફંગોળી નાખી છે. જેમાં એક ગાયને તો ૨૦૦ ફૂટ દૂર ફેંકી દીધી છે. કારના તો કચ્ચરઘાણ વળી ગયા પરંતુ કાર ચાલક તક મળતા ત્યાંથી ભાગી છૂટયો છે એક તરફ સમગ્ર ગુજરાતમાં પૂર ઝડપે કાર ચલાવીને નવ લોકોને કચડી નાખવાનો તથ્ય પટેલનો કિસ્સો ચર્ચાને ચકડોળે છે. આ ઘટનાના પગલે રાજયના ગૃહવિભાગ દ્વારા સમગ્ર રાજયમાં ઓવરસ્પીડ અને નશામાં ડ્રાઈવ કરતાં ચાલકો વિરૂદ્ધ કાર્યવાહી માટે સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરાયું છે પરંતુ હજુ પણ કેટલાક વાહન ચાલકો પોલીસને પણ



પડકાર આપી રહ્યા છે. આવો જ કિસ્સો મહીસાગર જિલ્લા મુખ્ય મથક લુણાવાડા પાસે આવેલા દલુંખડીયા પાસેથી સામે આવ્યો છે. ગોધરા મોડાસા ચાર માર્ગીય રસ્તા પર દલુંખડીયા પાસે ઈયોન ગાડીના ચાલકે પુરપાટ ઝડપે ગફલતભરી રીતે હકારતા હાઈવેની સાઈડ ઉપર ચાલતા બે અબોલા પશુઓને બાનમાં લીધા હતા. ગાડીની સ્પીડ અબોલા પશુઓના ઢસડાયેલા મૃતદેહને તેમજ ગાડીના આગળના ભાગના કુચ્ચા ઊડી ગયેલા દ્રશ્યો જોતાં ગાડી ખૂબ ઓવર સ્પીડમાં ભટકાઈ હોય તેવું લાગી રહ્યું છે. બીજી તરફ ઘટના સ્થળે ઉપસ્થિત લોકચર્ચા પ્રમાણે ગાડી ખુબ જ સ્પીડમાં હતી અને લીંમડીયા તરફના રોડ ઉપરથી આવી રહી હતી. જેણે ધડાકાભેર બે અબોલા પશુઓને જોરદાર ટક્કર મારી હતી. જેમાં બંને અબોલા પશુઓમાં ઘટના સ્થળે કમકમાટી ભર્યા મોત નિપજ્યાં છે. ચર્ચા એવી પણ ચાલી રહી છે કે આ ચાલક સરકારી કર્મચારી હોય અને તેણે નશો કરેલો હોય તેવું લોકોમાં ચર્ચાઇ રહ્યું છે. હાલ તો ચાલક તેને પહોંચેલી ઈજાઓને લઈ કોઈક હોસ્પિટલમાં સારવાર અર્થે પહોંચ્યો છે ત્યારે બનાવની જાણ થતાં પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી છે. અકસ્માત સર્જેલી કારને સાઈડ પર ખસેડી છે અને આગળ ની તાપસ હાથ ધરી છે.

# સંતરામપુર હરસિધ્ધિ સોસાયટી લોન ધિરાણ ન ભરતા ચેક રીર્ટનમાં છ માસની સજા

સંતરામપુર, સંતરામપુર હરસિધ્ધિ સોસાયટીની લોન ધિરાણ ન ભરતા ચેક રિટર્ન થતા ૧૫ હજારનો દંડ છ માસની સજા. સંતરામપુરના વેપારીને સંતરામપુર હરસિદ્ધિ એક લાખ ૪૪ હજાર રૂપિયા બાકી નીકળતા ભરપાઈ ના કરતા ૩૮,૦૦૦ નો સંતરામપુરના વેપારી કલર નિમેશકુમાર વિનોદચંદ્ર હરસિધ્ધિ સોસાયટીમાં લોન ભરપાઈ કરવા માટે આપેલો હતો, પરંતુ ચેક રિટર્ન થતા હરસિદ્ધિ સોસાયટીના બ્રાન્ચ મેનેજર કોર્ટમાં ૧૩૮ મુજબ ચેક રીટર્નની કેસ દાખલ કરવામાં આવેલો હતો. ત્યારે આજરોજ સંતરામપુર સિવિલ કોર્ટમાં જજ એ ચુકાદો આપેલો હતો. જેમાં ૧૫૦૦૦ રૂપિયા દંડ વસૂલ કરવા માટે અને છ માસની સાદી જેલ સજા ફટકારેલી હતી. કલાલ નિમેશકુમાર વિનોદ ચંદ્રને ૧૫૦૦૦ ભરપાઈ કરવાનો હુકમ કરેલો છે અને છ માસી જેલની સજા ફટકરી.



સંતરામપુરમાં તાજીયા અને અનુલક્ષી લઈને સંતરામપુરના પી.આઈ. કે.કે. ડીંડોર અને પોલીસ સ્ટાફ દ્વારા ફ્લેગમાર્ક યોજાયો સંતરામપુરના અલગ અલગ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે મોહરમ તાજીયા ના તહેવારના અનુલક્ષી લઈ નગરના હુસેની ચોક સંત વિસ્તાર ગોધરા ભાગોળ લુણાવાડા રોડ દરેક વિસ્તારોમાં ફ્લેગમાર્ક યોજાયો.

# દાહોદ સબજેલ ખાતે વિશ્વ હિપેટાઈટીસ દિવસની ઉજવણી કરાઈ

દાહોદ, તા.૨૭.૭.૨૩ નારોજ જીલ્લા ટીબી, લેપ્રેસી, એચ.આઈ.વી., હિપેટાઇટીસ નિયત્રંણ અધિકારી DTO ડો. આર.ડી.પહાડીયાના માર્ગદર્શન હેઠળ સબજેલ દાહોદ ખાતે "વિશ્વ હિપેટાઇટીસ દિવસ"ની ઉજવણીના ભાગરૂપે "વન લાઈફ વન લીવર થીમ, લીવર સંબધિત સમસ્યા હોય ત્યારે સમયસર નિદાન દ્વારા હિપેટાઈટીસ થતો અટકાવીએ, વર્લ્ડ હિપેટાઇટીસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે અવેરનેસ એક્ટિવિટીમાં હિપેટાઈટીસ બી/સી, TB,HIV અને લેપ્રેસી પ્રોગ્રામ વિશે વિસ્તૃત જાણકારી જેલના કાચા કામના કેદીઓને આપવામાં આવી. જાણકારી આપ્યા બાદ તમામ કેદીઓના મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યું અને કુલ -૫૮ નવા કેદીઓના બ્લડ સેમ્પલ લેવામાં આવેલ છે. જેમના HIV હિપેટાઈટીસના ટેસ્ટિંગ કરવામાં આવશે, જેનો રિપોર્ટ જેલમાં જમા કરવામાં આવે છે. આજના અવેરનેસ એક્ટિવિટી કેમ્પમાં DTO, જનરલ હોસ્પીટલ દાહોદના આર.એમ.ઓ. ડો. મીનાબેન વાળા, ફાર્માસીસ્ટ કિરણભાઈ સંગાડા, Retiya PHC ના MO ડો. આર.કે.ભાર્ગવ, લેબટેક, એમ. પી. એચ ડબ્લ્યુ, STS DTC, Dist. Prog. Assistant, DAPCU, આઈ.સી.ટી.સી. કાઉન્સેલર તેમજ લેબટેક, શુભેચ્છા સ્વેતના પ્રોજેક્ટ ના એમ એન્ડ ઈ મનોજભાઈ ડાભી, ઉર્વશીબેન ચાવડા પી.પી.એમ., જેલના અધિક્ષક એફ.એસ. મલેક, સુબેદાર ગોપાલભાઈ વણઝારા વગેરે સ્ટાફ ઓ હાજર રહેલ છે. જેલના સ્ટાફ ઓની હાજરીમાં ટેસ્ટિંગ કેમ્પ કરવામાં આવેલ છે. "જાણકારી એજ બચાવ, જાગૃત રહીએ, સુરક્ષિત રહીએ".

# મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, દ્વારા નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે

મહિસાગર, રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ,નવી દિલ્હીના આદેશ અનુસાર અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદનાઓના ઉપક્રમે મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, દ્વારા તા.૯/૯/૨૦૨૩ ને શનિવાર ના રોજ ૧૦:૦૦ કલાકથી નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં સમાધાનલાયક કેસો જેવા કે ફોજદાર સમાધાન લાયક કેસો,નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૩૮ના કેસો, બેંક રીકવરીના કેસો, અકસ્માત વળતરના કેસો, મજુર ડીસ્ટચ્યુટના કેસો, જમીન સંપાદનના કેસો, ફેરફાર/ભાગલા/ભાડા બેંક વસુલાત/સુખાધિકારીના હકકો વિગેરેના દિવાની દાવાઓ,વીજળી અને પાણીના બીલના કેસો, પ્રિલીટીગેશનના કેસો, ભરણ પોષણના કેસો અને કૌટુંબીક ઝઘડાના કેસોનો સમાધાન લાયક કેસો તેમજ અન્ય સમાધાન લાયક કેસોનો સમાધાનપૂર્વક નિકાલ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે.

જેમાં કેસો મુકવા ઈચ્છતા પક્ષકારો, વકીલો જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર મુ. લુણાવાડા તથા મહીસાગર જીલ્લાની જે તે તાલુકા કાનુની સેવા સમિતિના ચેરમેનઓને સંપર્ક કરવા ફુલ ટાઈમ સેક્રેટરી જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર લુણાવાડાની અખબારી યાદીમાં જણાવેલ છે.

# આપની આજ.......

મેષ : આર્થિક મામલામાં આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. જો તમે રોકાણ કરવા માગતા હો તો આજનો દિવસ સારો રહેશે. પારિવારિક જીવનમાં સુસંગતતા રહેશે, પરંતુ તમારે વાણી અને વર્તન પર સંયમ રાખવો પડશે.

વૃષભ : આજનો દિવસ માનસિક ગૂંચવળવાળો દિવસ બની શકે છે. તમારે વિવિધ કાર્યો અને યોજનાઓમાં સામેલ થવું પડી શકે છે. આર્થિક વ્યવહાર અને ધંધા માટે દિવસ સાનુકૂળ રહેશે.

મિથુન : વિદ્યાર્થીઓએ ભણવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે, મન ટેક્નિકલ ચીજો તરફ વધુ આગળ વધશે. આર્થિક મામલામાં ઉદ્યોગપતિઓ માટે આજનો દિવસ સારો છે.

કર્ક : આજે તમારા જ્ઞાનનો વિકાસ થશે. કાર્યસ્થળમાં પરિસ્થિતિ સામાન્ય રહેશે, પરંતુ માર્કેટિંગ અને વેચાણથી સંબંધિત લોકો પર લક્ષ્ય દબાણ રહેશે. ધંધામાં લાભ વધશે.

સિંહ : દિવસની શરૂઆત રોમાંસથી થશે, પરંતુ વધારે પડતું ખાવાનું ટાળો. કાર્યક્ષેત્રમાં ભૂતકાળના અધૂરા કામ અને લક્ષ્ય પર દબાણ રહેશે. કોઈપણ મહત્વપૂર્ણ વસ્તુની ખરીદી માટે તૈયાર થઈ શકો છો, પરંતુ બજેટ અને સંજોગોનો વિચાર કરવાથી હમણાં મૂડ બદલાઈ શકે છે.

કન્યા : ક્ષેત્રમાં જવાબદારીઓનું દબાણ રહેશે, પરંતુ અધિકારીઓનો સહયોગ રહેશે. જો તમે કોઈ નવું કાર્ય અથવા યોજના શરૂ કરવાનું વિચારી રહ્યાં છો, તો આગળ વધો. આર્થિક મામલામાં દિવસ સામાન્ય રહેશે.

તુલા : મોટા ભાઈ-બહેનોનો સહયોગ મળશે. તમે આજે સાહસ અને જોખમી કાર્યમાં પણ હાથ મિલાવી શકો છો. વેચાણ માર્કેટિંગ કરનારા લોકો આ અઠવાડિયામાં તેમના લક્ષ્યાંક વિશે વિચારશીલ રહેશે.

વૃશ્ચિક : આજે ઉતાવળમાં કોઈ મહત્વપૂર્ણ નિર્ણય ના લેશો, નુકસાન થઈ શકે છે. નાના કામ પણ આજે મુશ્કેલી આપશે. ધંધામાં લાભ સામાન્ય રહેશે.

ધનુ : આજનો દિવસ તમારા માટે મિશ્ર ફળદાયક રહેશે, તમારી મહેનત સફળતાનો આધાર બનશે, નસીબથી વધુ અપેક્ષા ના રાખો. તમે કેટલીક જૂની બાબતો વિશે વિચારશો.

મકર : આજનો દિવસ સામાન્ય રહેશે. પારિવારિક જીવનનો આનંદ માણી શકશો, જીવનસાથીનો સહયોગ મળશે. જો કોઈ મહત્વપૂર્ણ કાર્ય કરવામાં આવે તો સુખ પ્રાપ્ત થશે. સાથીઓ અને મિત્રોનો સહયોગ મળશે.

કુંભ : આજે તમારું રોકાયેલુ કામ ચાલશે, તમારા ભાઈ-બહેનો સાથે સહયોગ અને સંકલન રહેશે. કોઈ રસિક કામ હાથમાં આવતા તમે આનંદિત થશો. આર્થિક મામલામાં તમે ચિંતિત છો.

મીન : તમને આજે ક્ષેત્રમાં ટેક્નિકલ જ્ઞાન અને અનુભવનો લાભ મળશે. તમને ધર્મમાં રસ રહેશે. કોઈ જૂના મિત્ર અને સંબંધીનો સંપર્ક કરી શકો છો. સ્વાસ્થ્યની બાબતમાં તમારે જાગ્રત રહેવું પડશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદમાં દશામાંની મૂર્તિ વિસર્જન સ્થળની સુવિધા પૂરી પાડવામાં પાલીકા તંત્રે મોઢું ફેરવ્યું : માંઈ ભક્તોએ રાત્રિના અંધારામાં જીવના જોખમે મૂર્તિ વિસર્જન કર્યું

- એક વર્ષ પહેલા મૂર્તિ વિસર્જન માટે કાયમી સ્થળ ઊભી કરવાની ગુલબાંગો હાંકનાર પાલિકા આ વખતે પણ અસમર્થ સાબિત થઈ.
- ગણેશ વિસર્જન માટે કુત્રિમ તળાવનું કામ ચાલુ પરંતુ નિર્વિઘ્ને પૂર્ણ થશે કે કેમ.? ઘેરાતો રહસ્ય.
- ભક્તોએ ઝાડી ઝાંખરાવાળી અવાવરૂ જગ્યા માંથી પસાર થઈ મૂર્તિ વિસર્જન કર્યું.

દાહોદ,

દાહોદના ઐતિહાસિક છાબ તળાવમાં મૂર્તિ વિસર્જન માટે પ્રતિબંધ આવ્યા બાદ છેલ્લા કેટલાક વર્ષોથી વિસર્જન સ્થળને લઈ વિવાદ ઉભો થયો છે.જેમાં ગત વર્ષે તો મામલો એટલા હાથે વકરી ગયો હતો કે, પ્રાંત અધિકારી જોડે બબ્બે મિટિંગ કર્યાં બાદ પણ કોઈ નિરાકરણ ન આવતા આખરે કલેકટરની અધ્યક્ષતામાં ગણેશ મંડળો વચ્ચે એક મિટિંગ યોજાઈ હતી. જેમાં ભારે ગરમાગરમી બાદ આખરે પાલિકા પ્રમુખે બે માસમાં મૂર્તિ વિસર્જન કરવા માટે કાયમી સ્થળ આપવાની જાહેરાત કરતા મામલો થાળે પડ્યો હતો પરંતુ આ જાહેરાત કર્યાના એક વર્ષ વીત્યો અને દશામાંની સ્થાપના થઈ ત્યાં સુધી તો પાલિકા તંત્રમાં કોઈપણ પ્રકારનો સરવાળાટ જોવા મળ્યો નહોતો. ત્યારબાદ આ મામલે દાહોદના જાગૃત પત્રકારોએ વિસર્જન સ્થળ માટે કલેકટર તેમજ સંબંધી વિભાગના અધિકારીઓને પૂછતા આખરે સફાળા જાગેલા પાલિકા તંત્ર દ્વારા છાબ તળાવની પાછળ આવેલા સરકારી પડતર જગ્યામાં કૃત્રિમ તળાવ ઉભો કરવાની કામગીરી શરૂ કરી હતી. પરંતુ ઉતાવળીએ ઈંડરીયો ગઢ ન ચડાય તેવી પરિસ્થિતિનો ઘાટ સર્જાયો હતો અને કૃત્રિમ તળાવની પાસે દરગાહનો વિવાદ આવતા મુસ્લિમ સમાજના અગ્રણીઓ ડેલીગેશન લઈ જીલ્લા અધિક કલેકટરની કચેરીએ પહોંચ્યા હતા અને આ મામલો વહીવટી તંત્રમાં આવતાં કૃત્રિમ તળાવની કામગીરી ધીમી પડી અને હાલમાં એક તરફ રેકોર્ડ ચકાસણીની પ્રક્રિયા ચાલી રહી છે. તો બીજી તરફ નગરપાલિકા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દ્વારા કૃત્રિમ તળાવની કામગીરી જોશમાં શરૂ કરી દીધી છે. જોકે, લેટ લતીફી અને પ્રજાની સુખાકારી તેમજ સુવિધાઓ મામલે બેદરકાર બનેલી દાહોદ નગરપાલિકાએ દશામાના વિસર્જન સ્થળ માટે કોઈપણ પ્રકારની સુવિધા ઉભી ન કરતા માંઈભક્તોમાં ભારેનારાજગી જોવા મળી હતી. તંત્ર દ્વારા આ મામલે નિષ્ફળતા દાખવતા દશામાંની મૂર્તિ વિસર્જન કરવા માટે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જેના પગલે દાહોદના આસપાસના વિસ્તારોમાં આવેલા નદી, કોતર તેમજ તળાવમાં પોતપોતાની વ્યવસ્થાથી ભકતોએ દશામાંની મૂર્તિનો વિસર્જન કર્યુ હતું. એટલું જ નહીં આસપાસના વિસ્તારોમાં આવેલા જળાશયોમાં સંબંધીત તંત્ર દ્વારા ન કરવામાં આવતા મહિલાઓ, બાળકો, યુવતીઓ સહિતના માઈભક્તોએ પોતાના જીવના જોખમે ઝાડી જાખરાવાળા અવાવરૂ વિસ્તાર જેમાં કેટલાય ઝેરી બિનઝેરી જીવજંતુઓ વસવાટ કરતા હોય છે. તેવા વિસ્તારો માંથી રાત્રીના અંધારામાં પસાર થઈ નદી, તળાવ, કોતરમાં મૂર્તિ વિસર્જન કર્યું હતું. એટલું જ નહીં આ સ્થળો પર કોઈ લાઈટની સુવિધા ન હોવાથી મૂર્તિ વિસર્જન કરવા આવેલા માઈ ભક્તોએ પોતાની ગાડીઓની લાઈટ ચાલુ કરી મૂર્તિ વિસર્જન માટે મહિલાઓ તેમજ યુવતીઓને મદદ કરી હતી. જેના પગલે દાહોદ શહેર સહિત આસપાસના વિસ્તારમાં વસવાટ કરતા માઈ ભકતોમાં દાહોદ નગરપાલિકા તેમનો સંબંધિત વિભાગ દ્વારા આચરવામાં આવેલી બેદરકારીના લીધે ભારે રોષ જોવા મળ્યો હતો. જોકે, હવે તાજીયા અને ગણપતિના તહેવાર નજીક આવી રહ્યા છે. તેવા સમયે કૃત્રિમ તળાવનું કામ હજી પૂર્ણ થયો નથી અને જે ગતિથી કૃત્રિમ તળાવનું કામ ચાલી રહ્યું છે. તેને જોતા નજીકના સમયમાં કૃત્રિમ તળાવની સુવિધા ઉભી થવામાં દૂર દૂર સુધી દેખાઈ નથી રહ્યું. તેવા સંજોગોમાં તાજીયાના જુલુસનું મુસ્લિમ સમાજ વિસર્જન ક્યાં કરશે ? ગણેશ મંડળો મૂર્તિઓનો વિસર્જન ક્યાં કરશે તે એક મોટો સવાલ બની જવા પામ્યો છે. જોકે, આ તમામ તહેવારો વર્ષમાં એકવાર આવતા હોવાથી હિન્દુ અને મુસ્લિમ સમાજના લોકોની લાગણી અને આસ્થા આ બને તહેવારોથી જોડાયેલી છે.જે પૂરી પાડવામાં નગરપાલિકા વામણી પુરવાર થતાં ધર્મ પ્રેમીઓની લાગણી ચોક્કસથી દુભાઈ છે. ત્યારે દાહોદવાસીઓના હીતો તેમજ ધર્મ પ્રેમી જનતાની આસ્થા અને લાગણીને ધ્યાનમાં રાખી પાલિકા તંત્ર યુદ્ધના ધોરણે કૃત્રિમ તળાવની કામગીરી પૂર્ણ કરે તો વિઘ્નહર્તા ના વિસર્જન નિર્વિઘ્ને થશે તેમાં કોઈ બેમત નથી.

# વલસાડ જિલ્લામાં બુટલેગરો તેમજ જુગાર ચલાવનાર ગેમ્બલરોને મૂળિયા માંથી ઉખેડનાર ડો.રાજદીપસિંહ ઝાલાની દાહોદ SP તરીકે મુકાયા

દાહોદ,

ગુજરાત સરકારે મોડી સાંજે ૭૦ જેટલા આઈપીએસ અધિકારીઓની સાગમટે બદલીઓ કરતાં આ બદલીઓના દોરમાં પંચમહાલ રેન્જ આઈ.જી. ચિરાગ કોરડીયા, પોલીસ અધિક્ષક બલરામ મીણા તેમજ નવનિયુક્ત એસ.પી. જગદીશ બાંગરવાની બદલી કરવામાં આવી છે. ઉપરોક્ત અધિકારીઓની બદલી થતાં ૨૦૦૨માં દાહોદમાં ડીવાયએસપી તરીકે ફરજ બજાવનાર રાજેન્દ્ર અંસારીની પંચમહાલ રેન્જ આઈ.જી.તરીકે બદલી કરી છે. જયારે વલસાડ જિલ્લામાં બુટલેગરો તેમજ જુગાર ચલાવનાર ગેમ્બલરોને જડમૂળ માંથી ઉખેડનાર ડો.રાજદીપસિંહ ઝાલાને દાહોદ એસપી તરીકે નિયુક્ત



કરાયા છે. જ્યારે ASP તરીકે કે સિદ્ધાર્થની પહેલાથી જ નિમણૂંક કરી દેવામાં આવી હતી.

વલસાડ જિલ્લામાં બુટલેગરો તેમજ જુગાર ચલાવનાર ગેમ્બલરોના સ્ટ્રોંગ નેટવર્કને નેસ્તનાબૂદ કરી છેલ્લા ત્રણ વર્ષથી દારૂ જુગાર ઉપર સદંતર અંકુશ રાખવામાં સફળ રહેનાર વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.રાજદીપસિંગ ઝાલાની દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક તરીકે બદલી થતા બુટલેગરોમાં સન્નાટો પ્રસરી જવા પામ્યો છે. જોકે, છેલ્લા દાહોદ જીલ્લામાં છેલ્લા ઘણાં સમયથી દારૂ જુગારના અડ્ડાઓ પર સ્ટેટ મોનીટરિંગ સેલની ટીમ દ્વારા ઉપરા છાપરી દરોડા પડતા આ બદલીઓના દોરમાં દાહોદ જિલ્લા માંથી દારૂ જુગારની બદી માંથી મુક્ત કરાવવા સરકારે વલસાડમાં બુટલેગર અને નવ નેજા પાણી લાવનાર પોલીસ અધિક્ષક ડો.રાજદીપસિંહ ઝાલાને મૂક્યા હોવાની ચર્ચાઓ જોરશોરથી ઉઠવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદ જિલ્લામાં વીતેલા કેટલાક દિવસોમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ઉપરાંત પાડી વિદેશી દારૂ તેમજ જુગારની હાટડીઓ ઉપર દરોડો પાડ્યા હતા. જેની નોંધ સરકારમાં ગંભીર રીતે પડી હતી. જેના પગલે આજે બદલીઓના દોરમાં સતત ત્રણ વર્ષ સુધી જિલ્લાને દારૂ જુગારના વ્યસન માંથી મુક્ત રાખી બુટલેગર તેમજ જુગારીયાઓને નેસ્તનાબૂદ કરનાર ૨૦૧૨ ની બેચના વલસાડ એસ.પી. તરીકે ફરજ બજાવતા ડો.રાજદીપસિંહ ઝાલાની દાહોદ ખાતે નિમણૂંક કરવામાં આવી છે. અત્યારે દાહોદ તેમજ મધ્યપ્રદેશ, રાજસ્થાનના સરહદી વિસ્તારો માંથી વિદેશી દારૂ ગુજરાતમાં ઠાલવનાર બુટલેગર ઉપર ચોક્કસપણે ચોક્કસપણે અંકુશ આવશે. તેઓ હાલના તબક્કે જાણવા મળ્યું છે.

# દાહોદ જીલ્લામાં ચાર અકસ્માતના બનાવમાં ચાર વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જીલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન બનેલા આકસ્મીક મોતના ચાર બનાવોમાં એક મહિલા સહીત ચાર જણાના અકાળે મોત નિપજ્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ જીલ્લામાં આકસ્મીક મોતના બનેલા ચાર બનાવો પૈકીનો એક બનાવ લીંમખેડા ઝાલોદ રોડ ખાતે ગતરોજ દિવસના સાડા સાતથી બાર વાગ્યા દરમ્યાનના સમય ગાળામાં બનવા પામ્યો હતો. જેમાં દાહોદ પરેલ ત્રણ રસ્તાના મૂળ રહેવાસી અને હાલ લીમખેડા ગામે ઝાલોદ રોડ રાધે સિલેક્શનની પાછળ ભાડાના મકાનમાં રહેતા ૩૫ વર્ષીય અવિનાશભાઈ પદમસીંગ વર્માએ કોઈ અગમ્ય કારણોસર પોતાની જાતે પંખા સાથે ચાદર બાંધી ચાદર વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ સંદર્ભે લીમખેડા પોલીસે સી.આર.પી.સી. ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આકસ્મીક મોતનો બીજો બનાવ ધાનપુર તાલુકાના કોઠારીયા ગામે ગત તા. ૨૨-૭-૨૦૨૩ના રોજ સવારમાં સાડા નવ વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં કોઠારીયા ગામના બારીયા ફળિયામાં રહેતા ૨૩ વર્ષીય પ્રભાતભાઈ કેસરસિંહ બારીયા પોતાના ચાયડામાં(ખેતરમાં) ડાંગરનો ધરૂ ઉપાડી રહ્યા હતા. તે વખતે સાપ કરડી જતાં તેને સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નિપજ્યું હતું. આ સંબંધે ધાનપુર પોલીસે સી.આર.પી.સી. ૧૭૪ મુજબ આકસ્મીક મોતના કાગળો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આસ્મીક મોતનો ત્રીજો બનાવ ગરબાડા તાલુકાના સીમળીયા બુઝર્ગ ગામે ગતરોજ સવારે સાડા આઠ વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં સીમળીયા બુઝર્ગ ગામના લીમ ફળિયામાં રહેતી ૨૯ વર્ષીય હેતલબેન વિજયભાઈ રતનાભાઈ પરમારે કોઈ અગમ્ય કારણોસર તેના ઘરની અંદર ગળે દોરી બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ સંબંધે ગરબાડા પોલીસે સી.આર.પી.સી. ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે જીલ્લામાં આકસ્મીક મોતનો ચોથો બનાવ દાહોદ તાલુકાના બોરડી સરકારી ગામે ગત તા. ૨૪-૭-૨૦૨૩ના રોજ બપોરના અઢી વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં બોરડી સરકારી ગામે માળ ફળિયામાં રહેતા ૫૦ વર્ષીય રમેશભાઈ માનસીંગભાઈ ભુરીયા ગામના સરકારી તળાવે ન્હાવા ગયા હતા અને ન્હાતા ન્હાતા તળાવના ઉંડા પાણીમાં જતાં રહેતા ઉંડા પાણીમાં ડુબી જતાં તેઓનું મોત નિપજ્યું હતું. જેની લાશ ગઈકાલે સવારે ગામના સરકારી તળાવમાંથી મળી આવતાં કતવારા પોલીસે ગ્રામજનોની મદદથી મૃત્તક રમેશભાઈ માનસીંગભાઈ ભુરીયાની લાશ તળાવના પાણીમાંથી બહાર કાઢી પંચો રૂબરૂ લાશનો પંચનામું કરી પોસ્ટમોર્ટમ માટે લાશને કતવારા સરકારી દવાખાને મોકલી આપી આ સંદર્ભે સી.આર.પી.સી. ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# ઝાલોદ વરોડ ટોલનાકા પર સ્થાનિક માટે ફ્રી પાસ માટે દોડધામ : પાસ ખૂટી જતાં હાલ પાસ આપવાના બંધ

ઝાલોદ,

ઝાલોદ તાલુકામાં આવેલ વરોડ ટોલ પર ટોલ મેનેજર દ્વારા સ્થાનિક રહેવાસીઓ માટે ગાડીના અવરજવર માટે ફ્રી પાસ કાઢવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘણીવાર ફાસ્ટેગ માંથી પૈસા કપાઈ જવાના બનાવો બનતા વાહન ચાલકો દ્વારા ટોલનાકા પર તકરારના બનાવો બનતા હતા. તેને લઈ ટોલ મેનેજર દ્વારા વાહનચાલકોના હિતને ધ્યાનમાં રાખી સ્થાનિક રહેવાસીઓના વાહનો માટે ફ્રી પાસ કાઢવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. પરંતુ વાહનચાલકોનો ફ્રી પાસ લેવા માટે ધસારો વધતા પાસ ખૂટી જતાં જ્યાં સુધી નવાં પાસ પ્રિન્ટ થઈ નહીં આવે ત્યાં સુધી હાલ ફ્રી પાસ કાઢવાનું બંધ કરવામાં આવેલ છે.

ટોલ મેનેજર સાથે ટેલિફોનિક વાત થતાં જણાવ્યું કે સ્થાનિક મુસાફરો વાહન લઈ પહેલા જેમ અવરજવર કરતા હતા. તેમજ અવરજવર ચાલુ રહેશે જ્યાં સુધી નવા પાસ પ્રિન્ટ થઈને ન આવે ત્યાં સુધી કોઈ પણ સ્થાનિક વાહનચાલકો પાસે પાસ નહીં હોય તો રોકવામાં નહીં આવે. હાલ કોઈ પણ સ્થાનિકો પાસ લેવા દોડાદોડી કરવી નહીં તેમ ટોલ મનેજેરે કહ્યું હતું. કોઈ પણ વાહનચાલકો માટે પાસ કાઢવા માટે કોઈ મુદત બાંધવામાં આવી નથી. જેમ જેમ નવા પાસ પ્રિન્ટ થઈને આવશે, તેમ તેમ રૂટીન પ્રમાણે પાસ વાહનચાલકોને આપવામાં આવશે. જેથી કોઈ પણ વાહનચાલકોએ ગાડી માટે પાસ કઢાવવા માટે દોડાદોડી કરવી નહીં. જયારે નવા પાસ પ્રિન્ટ થઈને આવશે, ત્યારે ફરી સ્થાનિક વાહનચાલકોને ફ્રી પાસ આપવાનું ચાલુ કરવામાં આવશે. હાલ સ્થાનિક વાહનચાલકો માટે પહેલા જેમ અવરજવર કરતા હતા. તે પ્રમાણે ટોલ નાકા પરથી અવરજવર કરી શકશે.

# દાહોદ ટ્રેનમાં મુસાફરની તબીયત બગડતા ઝાયડસમાં ખસેડતા મોત નિપજાવા પામ્યું

દાહોદ,

દાહોદમાં ચાલુ ટ્રેનમાં મુસાફરની તબીયત લથડતા તાબડતોડ હોસ્પિટલ લઈ જવાતા ઝાયડસ હોસ્પિટલ ખાતે મુસાફરનું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સ્થળ પર દાહોદ રેલવે પોલીસનો કાફલો પહોંચી ગયો હતો. ઘટનાને પગલે મૃતકના પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

મૂળ ઉત્તર પ્રદેશના અને હાલમાં ઈન્દોરના બડા ગણપતી વિસ્તારમાં રહેતા રાજેસભાઈ યાદવ નામનો ઈસમ જે છેલ્લા કેટલાય સમયથી કેન્સર જેવી બીમારીથી પીડાતા હતા અને તેમની બીમારીની સારવાર બોમ્બેના ટાટા મેમોરીયલ હોસ્પિટલમાં ચાલતી હતી. જેમને બિમારીની વધુ પીડા ઉપડતા રાજેશભાઈ એમની પત્ની અને તેમના બાળકોને લઈ અવંતિકા એક્સપ્રેસ ટ્રેનથી બોમ્બેના ટાટા મેમોરીયલ હોસ્પિટલ માટે જવા ઈન્દોરથી રવાના થયા હતા. ત્યારે મધ્યપ્રદેશનું મેઘનગર રેલ્વે સ્ટેશન આવતા પહેલા રાજેશભાઈની તબિયત લથડતા ટ્રેન ન રોકાતા અને તેમને તાત્કાલિક સારવાર મળવાના કોઈ ચાન્સીસ ન હોવાના કારણે તેઓને દાહોદ રેલ્વે ખાતે ટ્રેન મારફતેજ લાવવામાં આવ્યા હતા. જેની જાણ રેલ્વે પોલીસને કરાતા તેઓએ પણ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરી સ્ટ્રેચર પર રાજેશભાઈ યાદવને હોસ્પિટલ લઈ જવા માટે રેલ્વે સ્ટેશન પર ઉભા હતા. ટ્રેન દાહોદ રેલ્વે સ્ટેશન પર આવતાની સાથેજ રેલ્વે પોલીસના માણસો અને ટ્રેનના મુસાફરોની મદદથી કેન્સરથી પીડિત ઈસમને તાત્કાલિક દાહોદના ઝાયડસ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા અને પીડિત ઈસમને ઝાયડસ હોસ્પિટલ લઈ જતા હાજર તબીબો દ્વારા રાજેશભાઈને મૃત જાહેર કરાતા પરિવાર પર આભ તૂટી પડ્યો હતો અને પરિવારમાં શોનું મોજું ફરી વળ્યું હતું. ત્યારે તેમના પત્નીએ પરીવાર જનોએ બોલાવતા પરીવાર જનો પણ દાહોદ આવા માટે નીકળ્યા હોવાની માહિતી પ્રાપ્ત થવા પામી હતી.

# ધાનપુર તાલુકાના કણજેર ગામે દીપડો ઘરમાં ઘૂસ્યો ગ્રામજનોમાં અફરાતફરી સર્જાઈ
## દોઢ થી બે કલાક પછી દીપડો ઘર માંથી મૃત હાલતમાં મળી આવતા ચકચાર



- કણજેર ગામ મા દીપડો ઘરમાં ઘૂસ્યો.
- દીપડો ઘરમાં ઘુસતા ગ્રામજનોમાં અફડાતફડી નો માહોલ.
- ઘરમાં કોઈ ન હોવાના કારણે જાન હની ટળી હોય તેમ.
- દીપડો ઘરમાં ઘૂસિયાના દોઢ બે કલાકમાં મૃત હાલતમાં મળી આવતા ચકચાર.
- વન વિભાગે દીપડા નો કબજો મેળવી કાર્યવાહી હાથ ધરી.

દાહોદ,

ધાનપુર તાલુકાના કણજેર ગામે વન્યપ્રાણી દીપડો એક રહેણાંક મકાનમાં ઘૂસી જતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. વન વિભાગને જાણ કરતા વન વિભાગ કર્મીઓ ઘટના સ્થળે ઘરમાં તપાસ હાથ ધરતા દીપડો મૃત હાલતમાં મળી આવ્યો. દીપડો મૃત હાલતમાં મળી આવતા અનેક શંકા કુશંકા વન વિભાગ દ્વારા દિપડાનો કબજો લઈ પીએમ અર્થે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી.

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના કણજેર ગામે રહેતા તડવી સુમલાભાઈ નરસિંહભાઈના ઘરે સવારના ૧૧ વાગ્યાના અરસામાં વન્યપ્રાણી દીપડો ઘરમાં ઘૂસી જતા અફડા તફડી મચી જવા પામી હતી. ઘરમાં દીપડો ઘૂસી જતા આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા. આ બનાવવાની જાણ સ્થાનિક વન વિભાગને કરવામાં આવતા વનકમીઓ ઘટના સ્થળે દોડી આવી સુમલાભાઈ તડવીના મકાનને સૌપ્રથમ કોર્ડન કરી ગ્રામજનોને દૂર ખસેડી તપાસ હાથ ધરતા ઘરમાંથી કોઈ દીપડાનો અવાજના આવતા ટોર્ચ દ્વારા ઘરમાં દીપડાને જોતા દીપડો એક જગ્યાએ પડેલો જોવાતા વનકર્મીઓએ તેને અવાજ કરી ઉઠાડવાનો પ્રયાસ કરતા દીપડો એક જ જગ્યાએ પડી રહ્યો હતો. જેને લઈ બંધ કર્મીઓએ ઘરમાં પ્રવેશી જોતા દીપડો મૃત હાલતમાં પડ્યો હોય તેમ જણાય આવતા સ્થાનિક વન કર્મીઓએ આ બનાવની જાણ ઉચ્ચ અધિકારીઓને કરતા નાયબ વનરક્ષક સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને દીપડાને જોતા તેના માથાના ભાગે કોઈ જૂની ઈજાનો ઘાવ જેમાં જીવાત પડેલા જોવા મળ્યા હતા. ત્યારે વન વિભાગ દ્વારા આ મૃત વન્યપ્રાણી દીપડાને ઘર માંથી બહાર કાઢી તેને પી.એમ. અર્થે ખલતા ગરબડી ગામે લઈ જવાયો હતો. આ જીવિત વન્યપ્રાણી દીપડો ઘરમાં ઘૂસ્યો હતો અને એક થી દોઢ કલાકમાં જ તે મૃત હાલતમાં મળી આવતા પંથકમાં ચકચાર મચી જવા પામ્યો છે. ત્યારે સદ્દનસીબે આ ઘરમાં કોઈ ન હોવાના કારણે કોઈ જાનહાની થવા પામી ના હતી. હાલ અગાઉ જેટલા પણ વન્ય પ્રાણીનું મોત નીપજતા તેને ધાનપુર ખાતે લઈ જાઈ પી.એમ. કરાવી તેની અંતિમ ક્રિયા હાથ ધરવામાં આવે છે. ત્યારે આ વખતે આ દીપડાને ખલતા ગરબડી ગામે તપાસ અર્થે લઈ જઈ તેની અંતિમવિધિ હાથ ધરવાના હોઈ જેને લઈ વન વિભાગ સામે અનેક સવાલો ઉઠવા પામ્યા છે. ત્યારે શું આ વન્ય પ્રાણી દીપડો કોઈ બીમારીના કારણે કે પછી અન્ય કોઈ કારણે મોત નિપજ્યું તે પીએમ રિપોર્ટ પછી જ સાચી હકીકત બહાર આવે તેમ છે.

# માઁ દશામાંનું વિસર્જન રામસાગર તળાવ ખાતે ભકિતભાવ પૂર્વક કરવામાં આવ્યું

ઝાલોદ,

ઝાલોદ તાલુકામાં છેલ્લા દસ દિવસથી એટલે કે દિવાસથી માઁ દશામાંનું ભક્તિભાવ તેમજ ખુબ જ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. માઁ દશામાંની સ્થાપના નગર તેમજ ગ્રામીણ વિસ્તારોમાં ખૂબ મોટા પ્રમાણમાં કરવામાં આવી હતી. માંઈ ભક્તો દ્વારા છેલ્લા દસ દિવસથી રોજ માઁ દશામાની ભક્તિમાં લીન જોવા મળતા હતા. રોજ માતાજીની પૂજા, આરતી, ભજન, કિર્તન, ગરબા કરી માતાજીની ભક્તિમાં રહેતા હતા.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

દશામાંના જાગરણના દિવસે માંઈભક્તો દ્વારા મંડળીઓ દ્વારા કીર્તન કરી, મહાઆરતી તેમજ છપ્પનભોગના પ્રોગ્રામો રાખવામાં આવ્યા હતા. રાત્રિના ૧૨ વાગ્યા પછી વિવિધ મંડળો ડી.જે., ઢોલ-નગારા તેમજ કંકુ, ગુલાલ ઉડાવતા માતાજીના વિસર્જન માટે નગરમાં ફરી વિસર્જન યાત્રા કાઢવામાં આવી હતી. આ વિસર્જન યાત્રામાં માતાજીના ગરબા રમતા નાચતાં ઝૂમતા પણ લોકો જોવા મળતા હતા. દશામાંના વિસર્જન ટાણે રાત્રિનો સમય હોવા છતાય નગરજનો દશામાંના દર્શન માટે ઉમટી પડેલ જોવા મળેલ હતું. દશામાંના વિસર્જનના અંતિમ પળને ભક્તો આંખોમાં વસાવી લેવાં માંગતા હતા. માઈભક્તો દ્વારા ભારે હૈયે અશ્રુભીની આંખે માઁ દશામાંને વિસર્જન કરતા જોવા મળતા હતા. ગ્રામીણ વિસ્તારોમાં પણ ખૂબ મોટા પ્રમાણમાં ભાવિક ભક્તો દ્વારા પોત પોતાના નજીકના તળાવોમાં વિસર્જન કરવામાં આવેલ હતું.

પાલિકા તંત્ર દ્વારા પણ દશામાના વિસર્જનને લઈ ખૂબ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. નગરમાં રસ્તામા પડેલ ખાડા સમતલ કરવામાં આવેલ હતા. રામસાગર તળાવ વિસ્તારમાં સાફ સફાઈ સાથે તરાપાની સુંદર વ્યવસ્થા, લાઈટિંગ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેથી કોઈ માઈભક્તોને કોઈ તકલીફ પડી ન હતી. રામસાગસર તળાવ દશામાંના જય જય કાર સાથે ગુંજી ઉઠેલ હતું. પોલિસ તંત્ર દ્વારા પણ ખડે પગે હાજર રહી વ્યવસ્થા જાળવી હતી.

## દાહોદ તાલુકાના અવંતિકા રીસોર્ટમાં રોકાયેલ
# એક મહિલા સહિત બે વ્યકિતને ૧૩ ઈસમોએ માર મારી રોકડા દાગીના અને મોબાઈલ મળી ૩.૫૫ લાખની લુંટ કરી

દાહોદ,

દાહોદ તાલુકાના અમદાવાદ-ઈન્દૌર હાઈવેની બાજુમાં આવેલ અવંતિકા રિસોર્ટમાં રોકાયેલ એક મહિલા સહિત બે વ્યક્તિઓને તેર જેટલા ઈસમોએ દંપતિને માર મારી તેઓના પાસેથી રોકડા રૂપીયા ૩,૧૫,૦૦૦ તેમજ સોના દાગીના, ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂા.૩,૫૫,૫૦૦ની મત્તાની લુંટ ચલાવી ઈસમો નાસી જતાં વિસ્તારમાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો. સમગ્ર મામલે સ્થાનીક પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ આરંભ કરી આરોપીઓને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે.

ભરૂચ જીલ્લાના અંકલેશ્વર ખાતે રહેતાં પ્રેમસીંગ અર્જુનસીંગ સીસોદીયા તથા તેમની સાથે હીનાબેન એમ બંન્ને જણા ગત તા.૨૫મી જુલાઈના રોજ દાહોદ તાલુકા ખાતે આવ્યાં હતાં અને તેઓ દાહોદ તાલુકાના અમદાવાદ-ઈન્દૌર હાઈવેની બાજુમાં આવેલ અવંતિકા રિસોર્ટ ખાતે રોકાયા હતાં. પ્રેમસીંગભાઈને હીરેનભાઈના ગુરૂજીએ કુટીરની જગ્યા પસંદ કરવા માટે જણાવ્યું હતું. જેથી આર્શિવાદભાઈ તથા તેની સાથે અન્ય બીજા દશથી બાર જેટલા અજાણ્યા ઈસમોએ આગતરૂ કાવતરૂં રચી પ્રેમસીંગભાઈને મળવા આવ્યાં હતાં અને તે દરમ્યાન પ્રેમસીંગભાઈ તથા તેમની સાથેના હીનાબેનને માર મારી, ધાકધમકીઓ આપી પ્રેમસીંગભાઈ પાસેથી આંગડીયા પેઢીથી મંગાવેલ રોકડા રૂપીયા ૩,૦૦,૦૦૦ (ત્રણ લાખ)) તેમજ તેમના પેન્ટના ખિસ્સામાંથી રોકડા રૂા.૧૫,૦૦૦, ત્રણ મોબાઈલ ફોન, હીનાબેને ગળામાં પહેરી રાખેલ સોનાની ચેઈન, હાથમાં પહેરી રાખેલ ચાંદીનું કડું વિગેરે મળી કુલ રૂા.૩,૫૫,૫૦૦ની મત્તાની સનસનાટી ભરી લુંટ ચલાવી આર્શિવાદભાઈ તથા તેમની સાથેના બીજા દશથી બાર જેટલા ઈસમો નાસી ગયાં હતાં.

આ સંબંધે પ્રેમસીંગ અર્જુનસીંગ સીસોદીયાએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.288

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# શહેરા તાલુકાના ડેમલી ગામના તળાવમાંથી ગેરકાયદેસર રેતી-મોહરમનું ખનન

- તળાવમાં આડેધડ ખાડાઓ કરતાં કોઈ ન્હાવા પડે તો દુર્ઘટના નો ભય.
- ડેમલી તળાવમાં થતાં ખનન માટે તંત્રનું કાર્યવાહી કરવામાં ખચકાટ.
- ખાણ ખનીજ વિભાગની બેદરકારીને લઈ ખનીજ માફિયા બેફામ.

શહેરા,

શહેરાનાં ટીબા પાટીયાથી છકડીયા તરફ જવાના માર્ગને અડીને આવેલા ડેમલી ગામના તળાવમાં પાછલા કેટલાક દિવસોથી ગેરકાયદે ખનન થઈ રહ્યુ છે. તંત્રની મંજૂરી વગર તળાવ માંથી રેતી અને મોહરમ કાઢીને ટ્રેક્ટરો સહિતના વાહનોમાં ભરીને હેરા ફેરી થઈ રહી છે. તળાવમાં આડેધડ ખોદકામ કરતા મોટા ખાડાઓ પણ પડી ગયા હોય ત્યારે અહી કોઈ બાળક કે મોટો વ્યક્તિ ન્હાવા પડે ત્યારે ઘટના બને તેવી શક્યતા હોવા સાથે સંબંધિત તંત્ર આ સામે કાર્યવાહી કરવામાં ખચકાઈ રહ્યુ તેમ લાગી રહ્યુ છે.

શહેરાના ટીબા પાટીયાથી છકડિયા તરફ જવાના માર્ગ ઉપર આવેલા ડેમલી ગામના મુખ્ય તળાવમાં પાછલા કેટલાક દિવસોથી ગેરકાયદે ખનન થઈ રહ્યું છે. ગ્રામ પંચાયતની કચેરીની નજીકમાં આ તળાવ આવેલુ હોવા સાથે તળાવની અંદર ૨૦ કરતાં વધુ ટ્રેક્ટર સહિતના વાહનોમાં રેતી અને મોહરમ ભરીને હેરાફેરી થતી હોય છે. રસ્તાને અડીને આવેલ આ તળાવમાંથી દિવસ અને રાત્રિ દરમિયાન મોટા પાયે ગેરકાયદે ખનન થતું હોવાથી આ તળાવની સુંદરતામાં પણ ઘટાડો થતો જોવા મળી રહ્યો હતો. આ ડેમલી ગામનું મુખ્ય તળાવ ૫૦ વીઘા કરતા મોટું હોવા સાથે પાણીનો જથ્થો હોવાથી પશુપાલકો પણ પોતાના પશુઓને પાણી પીવડાવવા માટે અહીં આવતા હોય છે. જ્યારે ખનીજ ચોરો દ્વારા આ તળાવમાં મસમોટા ઊંડા ખાડાઓ પાડી દીધા હોય ત્યારે અહી બાળક કે મોટુ વ્યક્તિ ન્હાવા પડે ત્યારે ઘટના પણ બની શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ અહી થઈ રહ્યુ હોય તેમ કહી શકીએ તો નવાઈ નહી. રસ્તાને અડીને આવેલ આ તળાવમાંથી લીઝ નહિ હોવા છંતા બેરોકટોક મોટા માથાઓ દ્વારા રેતી અને મોહરમ કાઢવામાં આવી રહી હોય ત્યારે સબંધિત તંત્રના છુપા આશીર્વાદ તો નથી કે શું? આ તળાવમાં અને આ ગામના આજુબાજુ વિસ્તારમાં આવેલ નદી અને કોતરમાં રેતી અને મોહરમ કાઢીને ખનીજચોર સરકારી તિજોરીને નુકશાન પહોંચાડી રહયા છે.ત્યારે જવાબદાર તંત્રને તેમના ઉચ્ચ અધિકારીઓ આદેશ કરે ત્યારબાદ અહીં કાર્યવાહી કરશે એવુ લાગી રહયુ છે. તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં ખનીજ ચોરી વધતી જતી હોય તેમ છતાં સ્થાનિક અને જિલ્લાનું જે જવાબદાર ખાણ ખનીજ વિભાગ કુણ નદી, ડેમલી તળાવ, ઉમરપુર ગામ પાસે પસાર થતી નદી તેમજ છોગાળાના ગામની આજુબાજુ વિસ્તારમાં સફેદ પથ્થરો જમીનમાંથી કાઢવામાં આવી રહયા હોય તે સામે અસરકારક કાર્યવાહી કયારે કરશે એતો જોવુજ બન્યુ છે.

# પંચમહાલ જીલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને જીલ્લાકક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો



ગોધરા,

પંચમહાલ જીલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં દર મહિને યોજાતો સ્વાગત કાર્યક્રમ જીલ્લા કલેક્ટર આશિષ કુમારના અધ્યક્ષસ્થાને આજે તા.૨૭મી જુલાઈ, ૨૦૨૩ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે જીલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. ૧૩ જેટલા અરજદારોએ જીલ્લા કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા અને નિકાલની સુનાવણીમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં મુખ્ય રજુઆતમાં જીલ્લાના નાગરિકો દ્વારા મુખ્યત્વે જમીન માપણી, અનઅધિકૃત બાંધકામ અને દબાણ દૂર કરવા, વરસાદી પાણીનો નિકાલ, પોલીસ ફરિયાદને લગતા પ્રશ્ન, ખેડૂત ખરાઈ અંગે પ્રશ્ન, બેન્કિંગ ક્ષેત્રને લગતા પ્રશ્ન રજૂ કરાયા હતા. જીલ્લા કલેક્ટરએ અરજદારોની ફરિયાદો અને રજૂઆતોને શાંતિથી સાંભળી હતી અને તેમના પ્રશ્નોનોનો ઝડપી નિકાલ આવે તે અંગે સંલગ્ન વિભાગના અધિકારીઓને સ્થળ પર તાકિત કરી જરૂરી સૂચનાઓ આપી હતી અને હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં જીલ્લા પોલીસ વડા હિમાંશુ સોલંકી, નિવાસી અધિક જીલ્લા કલેકટર એમ.ડી.ચુડાસમા, નાયબ વન અધિકારી, પ્રાંત અધિકારીઓ સહિત સબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરા તાલુકાના પોપટપુરાના રે.સ.નં.૭૩/૨ પૈકી ૨ વાળી જમીનમાં નોંધ ૧૯૪૮ થી દાખલ થયેલ યુસુફ અબ્દુલ શહેરાવાલા મૂળના ખેડુતના પુરાવા રજુ કરી શક્યો ન હોય ત્યારે તેની તપાસ થવી જરૂરી

ગોધરા,

ગોધરા તાલુકાના પોપટપુરા ગામની રે.સ.નં. ૭૩/૨ પૈકી ૨ વાળી જમીનના કબ્જેદાર દ્વારા પરિવારના સભ્યને વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી હતી. વેચાણ કરનારનું નામ કરી કરી વેચાણ લેનારનું નામ દાખલ કરાવી નોંધ માટે કરાઈ તે નોધ ગોધરા ગ્રામ્ય મામલતદાર દ્વારા અગાઉના ગામ રેકર્ડ ઉપર દાખલ થયેલ ફેરફાર નોંધથી દાખલ થયેલ મુળના ખેડુત ખાતેદાર હોવાના પુરાવો રજુ થયેલ હોવાથી ફેરફાર નોંધ નામંજુર કરાઈ હતી. પરંતુ નોંધ નં.૧૯૪૮ ફેરફાર નોંધની બિનખેડુતની તપાસ કરવા માટે કાર્યવાહી કરાશે ખરી ?

ગોધરા તાલુકાના પોપટપુરા ગામના રે.સ.નં. ૭૩/૨ પૈકી ૨ વાળી હે.આરે.ચો.મી.૧.૨૪૧વાળી ખેતીની જમીનના કબ્જેદાર કુબરા અલીઅસગર બાલુવાલા નામે ચાલતી હોય તેમના દ્વારા તા.૧૦/૦૬/૨૦૨૨ના રોજ રજીસ્ટ્રર દસ્તાવેજ નં.૪૪૮૮/૨૦૨૨માં પરિવારના સભ્યને વેચાણ આવેલ હતી અને રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજના આધારે વેચાણ આપનારનું નામ કરી વેચાણ લેનારનું દાખલ કરવા નોંધ કરાઈ હતી. નોંધ મંજુર કરવા માટે ગોધરા ગ્રામ્ય મામલતદાર પાસે પહોંચતા અગાઉ ગામ રેકર્ડ દાખલ થયેલ ફેરફાર નોંધ નં.૧૯૪૮થી દાખલ થયેલ યુસુફ અબુલી શહેરાવાલા મુળના ખેડુત ખાતેદાર હોવા અંગેનો ઉલ્લેખ કે પુરાવા રજુ નહિ કરેલ હોય જેને લઈ ફેરફાર તા.૧૦/૦૮/૨૦૨૨ના નામંજુર કરાઈ હતી. પરંતુ નોંધ નં.૧૯૪૮ની ફેરફાર નોંધની દાખલ થયેલ ખેડુત યુસુફ અબુલી શહેરાવાલા જ્યારે મુળ ખાતેદાર હોવા અંગે પુરાવો નહિ રજુ કરતા બિનખેડુત હોવાનું પુરવાર થઈ રહ્યું છે. ત્યારે આ બાબતે તપાસ કરી બિનખેડુતની નોંધ મંજુર કેવી રીતે કરાઈ તેની તપાસ થાય તે જરૂરી છે.

# શહેરા પોલીસે મથક ખાતે મોહરમ પર્વને લઈને સામાજિક આગેવાનોની શાંતિ સમિતિ બેઠક યોજાઈ



શહેરા,

શહેરા માં આગામી શનિવારના રોજ મુસ્લિમ સમાજનો મોહરમનો તહેવાર આવનાર હોવાથી વિવિધ વિસ્તારોમાં તાજીયા જુલુસ નીકળનાર છે. ત્યારે આ તહેવાર શાંતિમય વાતાવરણમાં ઉજવાય તે હેતુથી પોલીસ દ્વારા હિન્દૂ-મુસ્લિમ સમાજના આગેવાનોની શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જેમાં મોહરમનો આ તહેવાર શાંતિમય વાતાવરણમાં ઉજવાય અને તહેવાર દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિકારીઓ દ્વારા સામાજિક આગેવાનો સાથે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં શહેરા નગરના હિન્દૂ-મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરા અને મોરવા(હ) સહિત જીલ્લામાં દશામાંના વ્રતની સ્થાપિત મૂર્તિઓ વિર્સજીત કરાઈ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા અને મોરવા હડફ સહિત જીલ્લામાં દશામાના વ્રતની ભાવભેર ઊજવણી કરવામાં આવી હતી. દસ દિવસ દશા માતાજીની ભક્તિમાં ભક્તો લીન થઈ જવા સાથે માતાજીની નાની મોટી પ્રતિમાઓની પવિત્ર નદીમાં વિસર્જન કરવામાં આવી હતી.

શહેરા અને મોરવા હડફ સહિત સમગ્ર જીલ્લામાં દશામાના વ્રતની ઉજવણી કરાઈ હતી. દસ-દસ દિવસ સુધી દશાર્માની નાની મોટી પ્રતિમાઓની માઈ ભક્તો દ્વારા પૂજા અર્ચન કરવા સાથે ભજન-કીર્તનની રમઝટ પણ જામતી હતી. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં દશાર્માના વ્રતનો ખૂબ જ મહિમા હોય આ વ્રતનો અંતિમ દિવસ હોવાથી બહેનો દ્વારા સમૂહમાં જાગરણ કરીને માતાજીના ભક્તિમય ગીતો પર ગરબા રમીને આનંદ માણ્યો હતો. વહેલી સવારે દશાર્માની પ્રતિમાઓનું નદી તળાવમાં વાજતે ગાજતે માતાજીની આરતી કરીને વિસર્જન કરવામ આવી હતી. નદી ખાતે જય દશાર્માના નાંદ સાથે વાતાવરણ ભક્તિમય બની જવા સાથે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી આવ્યા હતા.

# મણીપુર ભોગ બનનાર આદિવાસી અને અન્ય સમુદાય લોકોને ન્યાય માટે રાષ્ટ્રપતિને ઉદ્દેશી જીલ્લા કલેકટર ગોધરાને ક્રિશ્ચિયન સમાજએ આવેદન આપ્યું



ગોધરા,

મણિપુરમાં ભોગ બનનાર આદિવાસી અને અન્ય સમુદાયના લોકો ન્યાય આપવા પૂનઃવસન બાબતે સમસ્ત ક્રિશ્ચિયન સમાજ ગોધરા દ્વારા રાષ્ટ્રપતિને ઉદ્દેશી જીલ્લા કલેકટરને આવેદન આપ્યું. મણિપુર રાજય વ્યાપક પ્રમાણમાં હિંસા અત્યાચાર થયેલ છે. હિંસા અને સતામણીમાં ખાસ આદિવાસી સમાજના એક વર્ગના હિંસાના ભોગ બનવું પડ્યું છે. જેને લઈ સ્થળાંતર અને ઘરો છોડી જતું રહેવું પડ્યું છે. મણિપુરના રાજધાની ઈમ્ફાલથી ૩૫ કિ.મી.દુર ડોંગપોંગ જીલ્લામાં બે મહિલાઓને નગ્ન કરી અમાનવિય વર્તન અને દુષ્કર્મ કરવામાં આવેલ તે અત્યંત દુઃખ છે. પિડીતાઓને સત્વરે ન્યાય મળે અને કૃત્ય કરનારની યોગ્ય તપાસ કરવામાં આવે ઘાતકી હુમલા સામૂહિક બળાત્કાર અને હત્યાના કારણે મણિપુરના લોકોમાં ડરનો માહોલ સર્જાયેલ છે. મણિપુરના ગ્રામ્ય અને પહાડી વિસ્તારોમાં અસંખ્ય પ્રમાણમાં મકાનો, દુકાનો, વાહનો અનો ૨૦૦થી વધારે ક્રિશ્ચિયન ચર્ચો સળગાવી દેવામાં અને અન્ય ધર્મોને નષ્ટ કરવામાં આવ્યા છે. ત્યારે દેશના રાષ્ટ્રપતિ વિશેષ રસ દાખવી રાજ્ય સરકાર આદેશ કરી અત્યાચાર સત્વરે મૂકી લોકશાહી જીવંત રાખવામાં આવે તેવી માંગ સાથે ગોધરા ક્રિશ્ચિયન સમાજ દ્વારા રાષ્ટ્રપતિને ઉદ્દેશી જીલ્લા કલેક્ટરને આવેદન આપ્યું છે.

# ગોધરાની સાતપુલ સી સોસાયટી માંથી ૨૨૦ કિલો માંસનો જથ્થો ઝડપ્યો

ગોધરા,

ગોધરા સાતપુલ સી સોસાયટીના રહેણાક મકાનમાં વેચાણ માટે માંસનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૪૫,૩૫૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડયો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરાના સાતપુલ સી સોસાયટીના રહેણાંક મકાનમાં માંસ (મટન)નો જથ્થો વેચાણ માટે રાખેલ છે. તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૨૨૦ કિલો માંસનો જથ્થો, કુહાડી, વજનકાંટા, વજન કાટલા મળી કિંમત ૪૫,૩૫૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે બી ડીવીઝન પોલીસે મથકે મરીયમ સુલેમાન બાંડી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવામાં આવી.

# હાલોલના કંજરી ગામની ૨૪ વર્ષીય મહિલાનું ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મોત

હાલોલ,

હાલોલ તાલુકાના કંજરી ગામ પાણીયા કોતર ફળીયામાં રહેતા ૨૮ વર્ષીય મહિલાએ કોઈ કારણોસર ઝેરી દવા પી જતાં દવા સારવાર માટે ખસેડતા વડોદરા એસ.એસ.જી.માં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના કંજરી ગામે પાણીયા કોતર ફળીયામાં રહેતા રીટાબેન સંજયભાઈ નાયક ઉ.વ.૨૮એ ૨૪ જુલાઈના રોજ પોતાના ઘરે અગમ્યકારણોસર ઝેરી દવા પી ગયા હતા. દવા સારવાર માટે રેફરલમાં દાખલ કરી વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી.માં દાખલ કરેલ હતા. જ્યાં દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બા બતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# દે.બારીયા શહેરમાં હડકાયા શ્વાનનો આતંકથી લોકો ભયના ઓથારે



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં હડકાયા કુતરાના આતંકથી આમ જનતામાં ભય છવાયો છે. લગભગ પાંચ થી છ વ્યકિતઓને આ હડકાયા શ્વાનએ બચકાં પગના ભાગે ભરતા એક મહિલાઓ એક પુરૂષને સરકારી દવાખાનામાં એડમીટ કરવાની ફરજ પડી હતી. ડેરી ફળીયાના કડીયા જાતિના એક પુરૂષને પગોમાં બન્ને પગોમાં બચકાં ભરતા ઘાયલ અવસ્થામાં સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જ્યારે કસ્બાની એક મહિલા હુસૈના આર.બલોચું એક શહેરના ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેમને ટાંકા લેવાની પરીસ્થિતી થવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરમાં એક લાલ હડકાયા કુતરો ગાંડોતુર બની આખા શહેરને તા.૨૭/૦૭/૨૦૨૩ના ગુરૂવારના રોજ સવારે ૮-૦૦ કલાકે બાનમાં લેતા લગભગ અડધો કલાકમાં તો પાંચ વ્યકિતઅને શ્વાને ઘાયલ કર્યા હતા. જેને આ લખાય છે ત્યાં સુધી યુવાનો લાકડીઓ સાથે શ્વાનને ભગાવવાની તજવીજમાં લાગેલા છે. આ ગાંડાતુર બનેલો શ્વાનને નાથવા માટે નગર પાલિકાના ડબ્બા વિભાગે કોઈ તજવીજ હાથ ધરી નથી. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

આ હડકાયો કુતરો બીજા કોઈ વ્યકિત અથવા મહિલા, બાળક અને પુરૂષને નુકશાન પહોંચાડે તે પહેલા તેને પાલિકાના ડબ્બા વિભાગ કોઈ તજવીજ હાથ ધરશે ખરી ? આજરોજ વાલીઓએ પોતાના બાળકોને સ્કુલમાં અભ્યાસ માટે મોકલવાનું ટાળ્યું હતું. જો આ શ્વાનનો આવતી કાલે આતંક થયાવત રહેશ તો બાળકોનું અભ્યાસમાં વિક્ષેપ પડશે. શહેરીજનોમાં એક જ વાત થતી હતી. હડકાયા શ્વાનથી ચેતીને રહેજો. તેવા એકબીજાને જાણ કરતા હતા. રૂબરૂ તેમજ ફોન ઉપર પણ જાણકારી આપતા જોવા મળ્યા હતા. નગર પાલિકાનું ડબ્બા વિભાગ આ હડકાયા શ્વાનને વહેલી તકે કબ્જે કરવા માટે શહેરીજનોની માંગ ઉઠવા પામી છે.

# યુનિવર્સિટીની વક્તૃત્વ સ્પર્ધામાં કોમર્સ કોલેજ ગોધરા વિજેતા



ગોધરા,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એનએસએસ ગુજરાત રાજયના ઉપક્રમે આયોજીત ''આઝાદીકા અમૃત મહોત્સવ'' પ્રસંગે યુનિવર્સિટી કક્ષાની યોજાયેલી નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા પૈકી વકતૃત્વ સ્પર્ધામાં સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાની ટીવાય બીકોમની વિદ્યાર્થીની કુમારી અર્ચના ઠાકોર વિજેતા બનતા તેણે કોમર્સ કોલેજ ગોધરાનું નામ રોશન કરેલ છે.

કુ. અર્ચનાને ગોધરા તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ ગોધરાના પ્રમુખ ગોપાલસિંહ સોલંકી, સેક્રેટરી અને જીલ્લા પંચાયતના પ્રમુખ તથા તથા કોમર્સ કોલેજ ગોધરાના પ્રિન્સિપાલ તથા પ્રોગ્રામ ઓફિસર ડો.અરૂણસિંહ સોલંકી સહિત સમગ્ર કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા છે. એફવાય બીકોમની કુ.અર્ચના મૂલચંદાણી એ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જ્યારે ટીમ લીડર તરીકે કુ.નીશી શાહ યુનિવર્સિટી ખાતે ઉપસ્થિત રહી હતી.

# મોરવા(હ)ના નાટાપુર ગામની પાનમ નદી માંથી વિદ્યાનગર આણંદની ૨૧ વર્ષીય યુવતિનો મૃતદેહ મળ્યો

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના નાટાપુર ગામની સીમ માંથી પસાર થતી પાનમ નદીના પાણી માંથી ૨૧ વર્ષીય યુવતિનો મૃતદેહ મળી આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના નાટાપુર ગામની સીમ માંથી પસાર થતી પાનમ નદીના પાણી માંથી યુવતિનો મૃતદેહ મળી આવ્યો હતો. તપાસ કરતાં મૃતક યુવતિ દિવ્યાબેન મુકેશભાઈ ભાભોર ઉ.વ.૨૧ તા.૨૪ જુલાઈના રોજ વિદ્યાનગર ઘરેથી આણંદ કોલેજ જવા નિકળીને ગુમ થયેલ હતી. અને ૨૫ જુલાઈના રોજ નાટાપુર પાસે પાનમ નદી માંથી મૃતદેહ મળી આવતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે મોતની ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરાના બગીડોળ ગામે જુગાર રમતા ત્રણ ઈસમોને ઝડપ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના બગીડોળ ગામે જુગાર રમતા સ્થળે પોલીસે રેઈડ કરી ત્રણ ઈસમોને ૧૦,૩૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના બગીડોળ ખેડા ફળીયામાં ખુલ્લામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન જીગ્નેશ વિક્રમસિંહ ચૌહાણ, બિંદેશ માધુભાઈ પરમાર, મોહિત બળવંતભાઈ સોલંકીને ઝડપી પાડીને અંગઝડતી માંથી ૫,૮૦૦/- દાવ ઉપર મુકેલ ૪,૫૦૦/-રૂપીયા મળી કુલ ૧૦,૩૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# પંચમહાલ જીલ્લામાં ૧ ઓગસ્ટથી ૭ ઓગસ્ટ સુધી ''નારી વંદન ઉત્સવ'' સપ્તાહની ઉજવણી કરાશે

ગોધરા,

રાજ્ય સરકાર દ્વારા મહિલાઓના સશક્તીકરણ માટે અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આ જ દિશામાં નક્કર કદમ ભરી નારી સંરક્ષણ અને સન્માન માટે નારી વંદનઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. પંચમહાલ જીલ્લામાં આગામી ૧ ઓગસ્ટથી ૭ ઓગસ્ટ સુધી ''નારી વંદન ઉત્સવ'' સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

પંચમહાલ જીલ્લામાં ૦૧ ઓગસ્ટના રોજ મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરાશે, ૦૨ ઓગસ્ટના રોજ બેટી બચાવો બેટી પઢાઓ, ૦૩ ઓગસ્ટના રોજ મહિલા સ્વાવલંબનની ઉજવણી, ૦૪ ઓગસ્ટના રોજ મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી, ૦૫ ઓગસ્ટના રોજ મહિલા કર્મયોગી દિવસની ઉજવણી, ૦૬ ઓગસ્ટના રોજ મહિલા કલ્યાણ દિવસની ઉજવણી તથા ૦૭ ઓગસ્ટના રોજ મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરાશે. તેમ મહિલા અને બાળ અધિકારી પંચમહાલ દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.